# Joint Press Release of the 12th round of India-China Corps Commander Level Meeting

August 02, 2021

---

# ભારત-ચીન કોર્પ્સ કમાન્ડર સ્તરની બેઠકના 12મા રાઉન્ડ અંગે સંયુક્ત પ્રેસ રિલિઝ

ઓગસ્ટ 02, 2021

ભારત-ચીન કોર્પ્સ કમાન્ડર લેવલની બેઠકનો 12મો રાઉન્ડ ભારતીય બાજુએ ચુશુલ-મોલ્ડો બોર્ડર મિટિંગ પોઈન્ટ પર યોજાયો હતો. બેઠકનો આ રાઉન્ડ ભારત અને પિપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાના વિદેશમંત્રીઓ વચ્ચે 14 જુલાઈએ દુશામ્બે ખાતે યોજાયેલી બેઠક અને 25 જૂને ભારત-ચીન સરહદી બાબતો પર વર્કિંગ મિકેનિઝમ ફોર કન્સલ્ટેશન એન્ડ કોઓર્ડિનેશનની 22મી બેઠકના પગલે યોજાયો હતો.

બંને પક્ષોએ ભારત-ચીનના સરહદી વિસ્તારોમાં વેસ્ટન સેક્ટર પર વાસ્તવિક નિયંત્રણ રેખા પર બાકીના વિસ્તારોમાં પાછળ ખસી જવા માટે મુક્ત રીતે અને ઉંડાણપૂર્વક વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. બંને પક્ષોએ એ બાબતની નોંધ લીધી હતી કે મિટિંગનો આ રાઉન્ડ રચનાત્મક હતો, જેમાં પરસ્પર સમજણમાં વધારો થયો હતો. તેઓ હાલના કરારો અને પ્રોટોકોલ પ્રમાણે બાકીના મુદ્દાઓનો ઝડપથી ઉકેલ લાવવા અને વાટાઘાટ તથા મંત્રણાની ગતિ જાળવી રાખવા માટે સહમત થયા હતા.

બંને પક્ષો એ બાબતે સહમત થયા હતા કે વચગાળામાં તેઓ વેસ્ટર્ન સેક્ટરમાં એલએસી પર સ્થિરતા જાળવી રાખવા માટે અસરકારક પ્રયત્નો ચાલુ રાખશે અને સંયુક્ત રીતે શાંતિ અને સુમેળ જાળવી રાખશે.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 02, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.